SUKHARAM OPTICAL HOUSE
બ્રાન્ડેડ ફ્રેમ
કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ
ગોગલ્સ

સુખારામ ઓપ્ટીકલ હાઉસ
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX,
NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | Shree BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ * * * સંવત ૨૦૮૦ જેઠ વદ બારસ બુધવાર ૩ જુલાઈ, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૧૯૬

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# ઉત્તર પ્રદેશના હાથરસમાં ભાગદોડમાં 116નાં મોત

**ભોલે** બાબાના સત્સંગના કાર્યક્રમમાં નાસભાગ મચતા અનેક લોકો કચડાયા, લાશોના એકબીજા પર ઢગલા, મૃતકોમાં મોટાભાગે મહિલાઓ

**ટ્રક** અને ટેમ્પોમાં મૃતદેહો, ઈજાગ્રસ્તોને લઈ જવાયા









**હાથરસ (UP), 2.** અહીં એક ધાર્મિક સત્સંગ-સમાગમના કાર્યક્રમમાં ભાગદોડમાં મંગળવારે 116 લોકોના મોત થયા હતા. તાજેતરના વર્ષોમાં આવી સૌથી ખરાબ દુર્ઘટનામાં ભક્તો ગૂંગળાઈ મર્યા હતા અને મૃતદેહો એકબીજાની ઉપર ઢગલો થઈ ગયા હતા.

આ ભાગદોડ ત્યારે થઈ જ્યારે જિલ્લાના ફુલરાઈ ગામમાં ભોલે બાબા તરીકે ઓળખાતા ઉપદેશક દ્વારા સંચાલિત 'સત્સંગ "કર્યા બાદ લોકો ઘરે પરત ફરી રહ્યા હતા.

સત્તાવીસ મૃતદેહોને પડોશી એટા જિલ્લાની હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. વરિષ્ઠ પોલીસ અધિક્ષક રાજેશ કુમાર સિંહે જણાવ્યું હતું કે તેમાંથી 23 મહિલાઓ હતી. અને હાથરસમાં જ 89 મૃત્યુ પામ્યા હતા.

અલીગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક શલભ માથુરે મૃત્યુઆંક 116 હોવાનું જણાવ્યું હતું.

મૃત અથવા બેભાન પીડિતોને ટ્રકો અને 'ટેમ્પો' માં સિકંદરા રાવ ટ્રોમા સેન્ટર લાવવામાં આવ્યા હતા. મૃતદેહો આરોગ્ય કેન્દ્રની બહાર વિખેરાયેલા હતા અને લોકો તેમની આસપાસ ભેગા થઈ ગયા હતા.

એક વીડિયો ક્લિપમાં એક મહિલા રડતી જોવા મળી હતી, જે ટ્રકમાં પાંચ કે છ મૃતદેહો વચ્ચે બેઠી હતી. અન્ય વીડિયોમાં એક અન્ય વાહનમાં એક પુરુષ અને એક મહિલાને નિર્જીવ બતાવ્યા.

ભાગદોડ પહેલાંની ક્લિપ્સમાં મોટા 'શામિયાણા'માં લોકો ભોલા બાબાને સાંભળતા જોવા મળ્યા હતા. બાબા તેમની સામે સિંહાસન જેવી ખુરશી પર બેઠા હતા.

જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ કુમારે જણાવ્યું હતું કે આ એક ખાનગી સમારોહ હતો જેના માટે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટે મંજૂરી આપી હતી. સ્થાનિક વહીવટીતંત્રે સ્થળની બહાર સુરક્ષા પૂરી પાડી હતી જ્યારે અંદરની વ્યવસ્થા આયોજકો દ્વારા કરવામાં આવી હતી, એમ તેમણે ઉમેર્યું હતું. પ્રત્યક્ષદર્શી શકુંતલા દેવીએ પી. ટી. આઈ. વીડિયોને જણાવ્યું હતું કે ભાગદોડ ત્યારે થઈ હતી જ્યારે લોકો આખો દિવસ ચાલેલા 'સત્સંગ' પછી સ્થળ છોડી રહ્યા હતા. તેણે કહ્યું કે લોકો એકબીજાની ઉપર પડી ગયા અને પછી મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા.

### નાસભાગનું ખરું કારણ શું? બાબાની ઝલક માટે ધક્કામુક્કી?

સિકંદર રાવના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ રવીન્દ્ર કુમારના જણાવ્યા અનુસાર, આ ભાગદોડ ત્યારે થઈ જ્યારે ભક્તોએ કાર્યક્રમ પૂરો થતાં જ ભોલા બાબાની એક ઝલક મેળવવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ બાબાના ચરણની આસપાસથી થોડી માટી પણ એકત્રિત કરવા માંગતા હતા, એમ તેમણે કહ્યું હતું.

સત્સંગમાં ભાગ લેનાર સોનુ કુમારે ભાગદોડ માટે લપસણી જમીનને જવાબદાર ઠેરવી હતી. "જ્યારે ગુરુજી લગભગ દોઢ કલાક પછી ત્યાંથી ચાલ્યા ગયા, ત્યારે અચાનક ભક્તો તેમના પગને સ્પર્શ કરવા માટે તેમની પાછળ દોડ્યા", તેમણે કહ્યું. જ્યારે તેઓ પાછા ફર્યા તો કેટલાક લપસી ગયા.

સિકંદર રાવ પોલીસ સ્ટેશનના એસ. એચ. ઓ. આશિષ કુમારે 'સત્સંગ' માં "વધુ પડતી ભીડ" ને જવાબદાર ઠેરવી હતી. અન્ય એક પ્રત્યક્ષદર્શી, જે 'સત્સંગ' સમાપ્ત થાય તે પહેલાં સ્થળ છોડી ગયો હતો, તેણે કહ્યું કે ભક્તોની સંખ્યાને ધ્યાનમાં રાખીને વ્યવસ્થા પૂરતી ન હતી.

...અનુસંધાન પાના 11 પર

## જેમના સત્સંગમાં ભાગદોડ થઈ એ ભોલેબાબા કોણ છે?



**લખનૌ, તા. 2.** યુપીના હાથરસમાં ભોલે બાબાના સત્સંગમાં ભાગદોડ મચી ગઈ હતી. આ અકસ્માત બાદ સૌથી મોટો સવાલ એ છે કે ભોલે બાબા કોણ છે...? ભોલે બાબાનું સાચું નામ નારાયણ હરિ છે અને તેઓ એટાના રહેવાસી છે. રાજકારણ સાથે પણ તેમનો સંબંધ છે. કેટલાક અવસર પર યુપીના ઘણા મોટા નેતા પોતાના મંચ પર જોવા મળ્યા. તેમાં સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવનું નામ પણ સામેલ છે.

ભોલે બાબા એટા જિલ્લાના બહાદુર નગરી ગામના રહેવાસી છે. તેમનો પ્રારંભિક અભ્યાસ એટા જિલ્લામાં થયો હતો. તે કાંશીરામ નગરના પાટિયાલી ગામના રહેવાસી છે. બાળપણમાં તે પિતા સાથે ખેતી કરતા અને પછી પોલીસમાં જોડાયા.. તે યુપીના ૧૨ પોલીસ સ્ટેશનમાં અને ઇન્ટેલિજન્સ યુનિટમાં તૈનાત હતા. 18 વર્ષના કામ બાદ તેમણે 90ના દાયકામાં વીઆરએસ લીધું. હવે તેઓ તેમના ગામમાં એક ઝૂંપડી બનાવીને રહે છે.

અધ્યાત્મ તરફ ગયા બાદ તેમણે પોતાનું નામ બદલીને સાકર વિશ્વહરિ રાખ્યું હતું. સમાગમમાં તેમની પત્ની પણ તેની સાથે રહે છે. તે બીજા કોઈ બાબાની જેમ ભગવા વસ્ત્રો પહેરતા નથી. તે પોતાના સત્સંગમાં સફેદ સૂટ અને સફેદ શૂઝમાં જોવા મળે છે. ઘણી વખત તેઓ માથા પર કુર્તા-પાયજામો અને સફેદ ટોપી પહેરીને સત્સંગ કરવા પહોંચે છે.

યુપી ઉપરાંત ભોલે બાબા આસપાસના રાજ્યોના લોકોને ભગવાનની ભક્તિનો પાઠ ભણાવે છે. તેઓ ઘણી વાર તેમના મંડળમાં કહે છે કે- તેઓ જાણતા નથી કે તેમને સરકારી નોકરીમાંથી આધ્યાત્મિકતામાં કોણ લાવ્યું છે. નોકરીમાંથી વીઆરએસ લીધા પછી, ભગવાન સાથે સાક્ષાત્કાર થયો. ભગવાનની પ્રેરણાથી ભાન થયું કે આ શરીર એ જ ભગવાનનો અંશ છે. ત્યારબાદ તેમણે પોતાનું જીવન માનવ કલ્યાણ માટે સમર્પિત કરવાનું નક્કી કર્યું. તે કહે છે- હું પોતે ક્યાંય જતો નથી, પરંતુ ભક્તો મને બોલાવે છે. ભક્તોની વિનંતીથી તેઓ અલગ અલગ જગ્યાએ ફરીને મંડળો યોજે છે. આ સમયે તેમના ઘણા આઈએએસ-આઈપીએસ અધિકારીઓ શિષ્ય છે. મોટેભાગે રાજકારણીઓ અને અધિકારીઓ તેમના સત્સંગ સમાગમમાં આવે છે. લગ્ન પણ કરાવવામાં આવે છે.

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી

### ભાજપના કાર્યકરો ફિલ્મોમાં અભિનય કરવા લાગશે તો પક્ષનું કામ કોણ કરશે

વર્તમાન લોકસભામાં સાંસદ અને ઉત્તર પ્રદેશની આઝમગઢ બેઠક પરથી ભાજપના ઉમેદવાર દિનેશ લાલ યાદવ 'નિરહુઆ', જેઓ ભોજપુરી ફિલ્મ અભિનેતા અને ગાયક પણ છે, તેમણે 2022માં સાંસદ બન્યા પછી ઘણી ફિલ્મોનું શૂટિંગ કર્યું હતું. ભોજપુરી અભિનેતાએ લગભગ બે ડઝન ફિલ્મોમાં કેટલાક સ્થાનિક રહેવાસીઓને પણ કાસ્ટ કર્યા હતા, જેનું શૂટિંગ પૂર્વીય ઉત્તર પ્રદેશ જિલ્લામાં આવતા વિસ્તારોમાં કરવામાં આવ્યું હતું. આ ફિલ્મોમાં 'મંડપ', 'જુગલ માસ્ટર' અને 'સંકલ્પ'નો સમાવેશ થાય છે. તાજેતરમાં ચૂંટણી દરમિયાન જ્યારે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આઝમગઢની મુલાકાત લીધી હતી ત્યારે તેમણે મજાકમાં કહ્યું હતું કે, યાદવે તેમના દ્વારા બનાવવામાં આવતી ફિલ્મોમાં વધુ પાર્ટી કાર્યકરો અને નેતાઓને સામેલ ન કરવા જોઈએ. તેમની આ હળવાશભરી અપીલનું કારણ એ હતું કે, જો ભાજપના ઘણા

...અનુસંધાન પાના 11 પર

### છેલ્લા 24 કલાકમાં વંથલીમાં ૧૪ ઇંચ, વિસાવદરમાં ૧૩ ઇંચ અને જૂનાગઢ શહેરમાં ૧૨ ઇંચ વરસાદ

**રાજ્યનો મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૭.૮૫ ટકા, સૌરાષ્ટ્રમાં ઝોનમાં ૨૮.૮૨ ટકા વરસાદ નોંધાયો**

# જૂનાગઢ જળબંબાકાર

**ગાંધીનગર :** છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જેમાં જૂનાગઢ જિલ્લાના વંથલીમાં ૧૪ ઈંચ, વિસાવદરમાં ૧૩ ઈંચ જૂનાગઢ શહેરમાં ૧૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. રાજ્યમાં ચાલુ મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૭.૮૫ ટકા નોંધાયો છે, જેમાં સૌરાષ્ટ્રમાં ઝોનમાં ૨૮.૮૨ ટકા, કચ્છમાં ૨૫.૧૦ ટકા, પૂર્વ-મધ્ય ઝોનમાં ૧૦.૯૬ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૭.૧૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે, આજે તા. ૦૨/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૬.૦૦ કલાક પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૪૩ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ૩૨ તાલુકાઓ એવા છે કે જેમાં ૦૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

આ ઉપરાંત બારડોલી તાલુકામાં ૨૩૯ મી.મી., ખંભાળિયામાં ૨૨૯ મી.મી., માણાવદર ૨૨૪ મી.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં નવ ઈંચથી વધુ, નવસારી તાલુકામાં ૨૧૪ મી.મી., કલ્યાણપુર તાલુકામાં ૨૦૦ મી.મી., જલાલપોર તાલુકામાં ૧૯૬ મી.મી., મળી કુલ ત્રણ તાલુકાઓમાં આઠ ઈંચથી વધુ જ્યારે પલસાણામાં ૧૯૦ મી.મી., મેંદરડામાં ૧૮૩ મી.મી., ધોરાજીમાં ૧૭૮ મી.મી., મહુવામાં ૧૭૬ મી.મી., મળી કુલ ચાર તાલુકાઓમાં સાત ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત ભેંસાણ તાલુકામાં ૧૭૦ મી.મી., માળિયા- મીયાણામાં ૧૬૧ મી.મી., મળી કુલ બે તાલુકામાં છ ઈંચથી વધુ, જ્યારે રાજુલામાં ૧૩૯ મી.મી., મોરબીમાં ૧૩૮ મી.મી., તાલાળામાં ૧૩૭ મી.મી., મહુવા ભાવનગર ૧૩૭ મી.મી., ગીર ગઢડામાં ૧૩૪ મી.મી., ઉનામાં ૧૨૨ મી.મી., મળી કુલ છ તાલુકામાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

જ્યારે કુતિયાણા, બગસરા, માંગરોળ, કોડીનાર, વાલોડ, દ્વારકા, ખાંભા, જામજોધપુર અને વલસાડ મળી કુલ નવ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ, જ્યારે ઓલપાડ સુરત શહેર, ભાણવડ, હાંસોટ, ગણદેવી, કામરેજ, જેતપુર, ભામવડ, ઉપલેટા, રાણાવાવ, સુત્રાપાડા, માંડવી, કુકાવાવ, અંકલેશ્વર, જામનગર, ખેરગામ, વાપી અને વ્યારાને મળી કુલ ૧૮ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ટંકારા, જામકંડોરણા, કપરાડા, જોડીયા, ધારી, ભરૂચ, હળવદ, પોરબંદર, ચીખલી, જેશર, જાફરાબાદ, સોનગઢ, ઉમરગામ, લાલપુર, ઉમરપાડા, માંગરોળ, અમરેલી અને ડોલવણ મળી કુલ ૧૮ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજ્યના ૪૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને અન્ય ૩૯ તાલુકામાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ થયો હતો.

### સપ્તાહ દરમ્યાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી, ગુજરાતમાં એનડીઆરએફની 10 ટીમો તૈનાત

**ગાંધીનગરઃ** ચોમાસાની શરૂઆત થઇ ગઈ છે ત્યારે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે રાજ્યમાં ચોમાસાની સ્થિતિને પહોંચી વળવા રાહત કમિશનર જેનું દેવાનની અધ્યક્ષતામાં વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અઠવાડિયામાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ હોવાની હવામાન ખાતાની આગાહીને ધ્યાનમાં રાખીને સ્થિતિને પહોંચી વળવા માટે ચર્ચા કરવમાં આવી હતી. આ બેઠક દરમિયાન હવામાન વિભાગના વરસાદની વૈજ્ઞાનિક દ્વારા માહિતી આપવામાં આવી હતી કે તા.૦૪ જુલાઈ, ૨૦૨૪ સુધી રાજયમાં ભારે વરસાદની આગાહી અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં એન.ડી.આર.એફ.ના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, રાજયમાં ભારે વરસાદની ચેતવણીના ભાગ રૂપે એન.ડી.આર.એફ.ની ૧૦ ટીમોનું ડિપ્લોયમેન્ટ કરવામાં આવ્યું છે તથા પાંચ ટીમો રિઝર્વ રાખવામાં આવી છે, એસ.ડી.આર.એફ.ની તમામ પલટૂન જરૂરીયાત જાણાતા સ્થળે ડિપ્લોય કરી દેવામાં આવી છે અને સમગ્ર ટીમો જિલ્લા વહીવટીતંત્રના આદેશાનુસાર રાહત/બચાવની કામગીરી કરી રહ્યાં છે. કૃષિ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, હાલમાં રાજયમાં ૨૯% જેટલું વાવેતર થઈ ગયું છે તેમજ વરસાદના કારણે રાજયમાં પાકમાં કોઈ પણ નુકસાનીની ભીતિ નથી. રાહત કમિશનર જેનું દેવાન દ્વારા બેઠકમાં ઉપસ્થિત રહેલા વિવિધ એન્જસીઓના તમામ નોડલ અધિકારીઓને માર્ગદર્શન તથા જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવી તથા સંભવિત ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા તમામ લાઈન ડિપાર્ટમેન્ટના નોડલ અધિકારીઓને એલર્ટ રહેવા જણાવ્યું હતું.

## તા. ૦૨-૦૭-૨૦૨૪નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૦૦.૦૦ મીમી | ૯૪.૦૦ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૦.૧૦ સે. | ૨૪.૮૦ સે. | ૮૯% |

# વડા પ્રધાને રાહુલ ગાંધી પર 'બાળક બુદ્ધિ'નો કટાક્ષ કર્યો

**કોંગ્રેસ** સતત ત્રણ વખત 100 સીટોને પાર કરી શકી નથી: મોદી

**તેઓ** એવું દર્શાવવાના પ્રયાસ કરી રહ્યા છે કે તેમણે અમને હરાવી દીધા છે



**નવી દિલ્હી, તા. 2 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર સખત વળતો પ્રહાર કર્યો હતો જ્યારે તેમણે 'બાળક બુદ્ધિ' તરીકે તેમની ઠેકડી ઉડાવી હતી, તેમના પર હિન્દુઓને હિંસા સાથે જોડવાનો અને લોકસભામાં ખોટા દાવા કરવાનો આરોપ મૂક્યો હતો અને સંસદીય લોકશાહીને બચાવવા તેમની વિરુદ્ધ કડક કાર્યવાહીની માગ કરી હતી. મોદીએ કહ્યું હતું કે લોકોએ તેમની સરકારના 10 વર્ષના કામકાજને જોયા પછી સતત ત્રીજી વખત સ્થિરતા અને સાતત્ય માટે જનાદેશ આપ્યો છે અને કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે તેણે ભાજપની આગેવાની હેઠળના એનડીએને લોકસભાની ચૂંટણીમાં હરાવ્યું છે તેવી વાર્તા બનાવવાનો પ્રયાસ કરી રહી છે. સંસદના બંને ગૃહોમાં રાષ્ટ્રપતિના સંબોધન પર બે દિવસીય ચર્ચાનો જવાબ આપતા, તેમણે કોંગ્રેસ પર દેશમાં આર્થિક અરાજકતા પેદા કરવા માટે કામ કરવાનો આરોપ પણ લગાવ્યો. તેમના લગભગ 135 મિનિટના ભાષણમાં, જેમાં મણિપુર મુદ્દા પર સતત સૂત્રોચ્ચાર અને વિપક્ષી સભ્યો દ્વારા નારાબાજી જોવા મળી હતી, મોદીએ તેમના સામાન્ય લડાયક સ્વભાવને દેખાડ્યો હતો. મોદીએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીનો ઉલ્લેખ કરતા કહ્યું કે ગૃહમાં 'બાળક બુદ્ધિ' વાળી વ્યક્તિનો વિલાપ જોવા મળ્યો, જેણે તેણે કરેલા ખોટા કાર્યો જાહેર કર્યા વિના સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ કર્યો.

મોદીએ લોકસભામાં કહ્યું, 'આ પહેલીવાર બન્યું છે કે કોંગ્રેસ સતત ત્રણ વખત 100 સીટોને પાર કરી શકી નથી. હાર સ્વીકારવાને બદલે તેઓ અહંકારી બન્યા છે. તેઓ એવું દર્શાવવાના પ્રયાસ કરી રહ્યા છે કે તેમણે અમને હરાવી

...અનુસંધાન પાના 11 પર